

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર   Mo- 9016924808   સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 11,(SURAT), DATE-04/09/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૧૧, (સુરત), તા.૦૪/૦૯/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 મશીનરી દ્વારા ૨૪ કલાકમાં તૈયાર થાય છે વેસ્ટ શાકભાજી-ફળોમાંથી બેસ્ટ ખાતર; એક કિલોનું રૂ. ૨૦થી ૭૦માં ઓનલાઇન વેચાણ

3 કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં રેઈન વોટર હાર્વેસ્ટીગનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

4 મોસાલી ગામે વરસેલા ભારે વરસાદને લઈને લોકોના ઘરોમાં વરસાદી પાણી ઘૂસ્યા

## નિઝર અને કુકરમુંડામાં આદિવાસી લોકો ચૌવરી પોળા પર્વની ધૂમધામથી ઉજવણી

કુકરમુંડ- તાપીના નિઝર અને કુકરમુંડા તલુકામાં આદિવાસી સમાજના લોકો દ્વારા ગત સોમવારના રોજ ધરતીપુત્ર ખેડૂતના સાથીદાર એવા બળદનો તહેવાર ચૌવરી અમાસ (પોળા) ની ધૂમધામથી ઉજવણી કરવા આવી હતી. આદિવાસી સમાજમાં પરંપરા ગત દર વર્ષે લોકો ચૌવરી અમાસ (પોળા) પર્વની ઉજવણી કરતા હોય છે.



આદિવાસી સમાજના લોકો ચૌવરી અમાસ (પોળા) પર્વના દિવસે ખેતી કામકાજ કે, બીજી અન્ય મજૂરી કામકાજ માટે જતા નથી. આ તહેવારના દિવસે લોકો વહેલી સવારથી બળદો માટે પોતાના ગામની સીમમાં ખેતરાડી વિસ્તારમાં ઘાસચારો લેવા નીકળે છે અને ઘાસચારો શોધી બળદોને ખવડાવે છે. બપોર બાદ બળદોને નહડાવી- ધોવડાવીને નાકમાં નવીનાથ પહેરાવતા હોય છે. ત્યાર બાદ નવી દોરી, મોરખી, બાંધી રંગ બે રંગો સહીત વિવિધ પ્રકારની ચીજ વસ્તુથી બળદોને શણગાર કરીને ગામની સીમમાં હનુમાન દાદાના મંદિર ખાતે પૂજા કરવા લઇ જવાય છે. જયાં હનુમાન દાદાના મંદિરના ફરતે બળદોને પાંચ રાઉન્ડ ફેરવી પૂજા અર્ચના કરે છે. ત્યાંથી બળદને પરત ઘરે લાવતા હોય છે. ઘરે પણ બળદને પરિવારના સભ્યો દ્વારા આરતી સાથે પૂજા અર્ચના કરીને ઘઉંની મીઠી રોટલીઓ ખવડાવે છે.

## મચ્છરજન્ય હાથીપગા રોગને નાબૂદ કરવા રાત્રિના લોહી તપાસની કામગીરી

### ૧૮ ગામમાં આરોગ્ય ટીમો દ્વારા ૫૫૮૨ વ્યક્તિના લોહીના નમૂના લેવાયા

બારડોલી- હાથીપગો મચ્છર દ્વારા ફેલાતો રોગ છે. હાથીપગાનો ચેપ ધરાવતી વ્યક્તિ બહારથી તંદુરસ્ત દેખાય છે. પરંતુ સ્વસ્થ લાગતી વ્યક્તિને પણ હાથીપગો થયો હોઈ શકે છે, જે ફક્ત લોહીના પરીક્ષણ દ્વારા જ માલૂમ પડે છે કે તેને હાથીપગાનો ચેપ લાગ્યો છે. આ રોગના જંતુ હાડકાના પોલાણમાંથી રાત્રે જ લોહીના પરિભ્રમણમાં બહાર આવે છે. તેથી રોગના નિદાન માટે લોહીની તપાસ રાત્રિના સમયે કરવામાં આવે છે, જે સંદર્ભે મચ્છરજન્ય હાથીપગા રોગને નાબૂદ કરવા સુરત જિલ્લામાં રાત્રિના સમયે લોહી તપાસની કામગીરી કરવામાં આવી હતી.



સુરત જિલ્લાના તાલુકા દીઠ એક સેન્ટીનેલ સાઈટ અને એક રેન્ડમ સાઈટ એમ કુલ નવ તાલુકાના ૧૮ ગામોમાં આરોગ્ય ટીમો દ્વારા હાથીપગા રોગના નિદાન માટે નાઈટ બ્લડ સર્વેની કામગીરી કરી ૫૫૮૨ વ્યક્તિઓના લોહીના નમૂના લેવામાં આવ્યા હતા.

**આ.કેન્દ્રના આરોગ્ય કર્મચારીઓ તેમજ આશા બહેનોની ટીમો સહભાગી બની હતી. હાથીપગાનો ચેપ લાગ્યા પછી ૬ થી ૮ વર્ષ પછી રોગના લક્ષણો દેખાય છે.**

એલિમીનેશન ઓફ લિમ્ફેટીક ફાઈલેરીયાસીસ અંતર્ગત કન્ફર્મેટરી મેપીંગ બાબતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલ તેમજ જિલ્લા મેલેરીયા અધિકારી ડો.પ્રશાંત સેલરના માર્ગદર્શન હેઠળ હાથીપગાના નિદાન માટે નાઈટ બ્લડ સર્વેની કામગીરીમાં પ્રા.આ.કેન્દ્રના આરોગ્ય કર્મચારીઓ તેમજ આશા બહેનોની ટીમો સહભાગી બની હતી. હાથીપગાનો ચેપ લાગ્યા પછી ૬ થી ૮ વર્ષ પછી રોગના લક્ષણો દેખાય છે. લક્ષણો દેખાયા પછી કોઈ સારવાર નથી. ફક્ત સ્વચ્છતા અને કસરત દ્વારા બીમાર વ્યક્તિની માવજત કરી શકાય છે.

## તાપી જિલ્લા સ્ટેટ વિભાગની ટીમ દ્વારા રીપેરિંગ કામ શરૂ

વ્યારા- તાપી જિલ્લામાં વરસાદ એ વિરામ લેતા વહીવટી તંત્ર કામે લાગી ગયું છે.ખાસ કરીને તાપી જિલ્લા માર્ગ મકાન સ્ટેટ વિભાગમાં ના વિવિધ માર્ગો વરસાદમાં ધોવાયા હતા અને ખાડાઓ પડી જતા વાહન ચાલકોની મુશ્કેલી વધી હતી જેને લઈને વરસાદે વિરામ લેવાની સાથે જ માર્ગ મકાન સ્ટેટ તાપી વિભાગની ટીમ દ્વારા વાલોડ અને બુહારી વિસ્તારમાં માર્ગોને રીપેર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેતા વાહન ચાલકોને રાહત થઈ હતી.




તાપી જિલ્લામાં ઓગસ્ટ માસ દરમિયાન ભારે વરસાદને લઈને જિલ્લામાં માર્ગોના બે હાલ કરી દીધા હતા. સતત વરસાદને કારણે વહીવટી તંત્ર દ્વારા કામગીરી પણ થઈ ન શકવાને લઈને વાહન ચાલકોની મુશ્કેલી વધી હતી હાલ તાપી જિલ્લાએ છેલ્લા બે દિવસથી વિરામ લેતા માર્ગ મકાન સ્ટેટ વિભાગની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવા મેદાને ઉતરી હતી. માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર બીએ પટેલ તથા વાલોડના નાયબ કાર્યપાલક ઈજનેર જે એ પટેલના માર્ગદર્શન હેઠળ અધિક મદદનીશ ઇજનેર પી વી પટેલ અને ટીમ દ્વારા કામગીરી હાથ ધરી લેવાય છે જેમાં વાલોડ તાલુકામાં બારડોલી વાંકાનેર વાલોડ વેડછીને જોતા સ્ટેટ હાઇવે પર ખાડા પૂરવાનો તેમજ પેજ મારવાની કામગીરી હાથ ધરાય છે જયારે બુહારી પંથકમાં બુહારી ,અંધારી કલકવા ,કરચલીયા જોડતા રોડ પર ખારા પૂરવાની સાથે પેચ વર્કની કામગીરી ચાલુ કરી દેવા અને લઈને વાહન ચાલકોમાં રાહત થઈ રહી છે માર્ગ મકાન સ્ટેટ વિભાગની ટીમ દ્વારા જિલ્લામાં પસાર થતા તમામ સ્ટેટ માર્ગોને મરામત કામગીરી માટે સૂચનો આપી દેવાઈ છે.

## અખિલ ભારતીય મારવાડી સંગહ અને સુરતના બાઇસિકલ મેયર દ્વારા સાયકલોથનનું આયોજન







**સુરત-** સવારે ૬:30 કલાકે સુરત પોલીસ કમિશનર અનુપમ ગેહલોત સાહેબના હસ્તે ફ્લેગ ઓફ કરવામાં આવ્યો. સુરત ખાતે અખિલ ભારતીય મારવાડી યુવા મંચ દ્વારા ફીટ ઇન્ડિયા અંતર્ગત સમાજને ફિટ રાખવા માટે સાયકલોથનનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ 300 જેટલા સાયકલિસ્ટોએ ભાગ લીધો, અને ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું.

આ આયોજનનો હેતુ એ છે કે સાયકલિંગ કાર્ડિયોનું એક સરળ સ્વરૂપ છે અને તેની નિયમિત પ્રેક્ટિસ વિવિધ સ્વાસ્થ્ય લાભો પ્રદાન કરે છે. હેલ્થ એક્સપર્ટોના અનુસાર, દરરોજ 30 મિનિટ સાયકલ ચલાવવાની આદત તમારા શારીરિક અને માનસિક સુખાકારી પર સકારાત્મક અસર કરી શકે છે.

આજના સમયમાં લોકોનું બેઠાડું જીવન વધુ સામાન્ય બનતું જાય છે, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં. તેથી, નિયમિત કસરતનો સમાવેશ કરવો પૂર્વના કરતાં વધુ મહત્વપૂર્ણ બની ગયું છે. લોકો જિમ, રનિંગ, સાયકલિંગ વગેરે કરીને ફિટ રહેવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઓલપાડ તાલુકાના ધર્મેન્દ્ર પટેલે પણ ભાગ લીધો. આ સમગ્ર પ્રસંગમાં મારવાડી સમાજની ટીમ અને બાઇસિકલ મેયર ઓફ સુરત, અનિલભાઈ મરડિયા જૈનનો મહત્વપૂર્ણ યોગદાન છે.

## કામરેજ તાલુકાના પાલી ગામ ખાતે ખેતર ના ફાર્મ હાઉસ નો લોખંડનો મેન ગેટ અને મોટર ના પાઇપ ચોર ચોરી ગયા

**બારડોલી**–કામરેજ પોલીસ સ્ટેશને ૫૪ વર્ષીય ભુપેન્દ્રસિંહ ફતેસિંહ દેસાઈ એ પોતાના ખેતર માં તા. ૩૦–૦૮–૨૦૨૪ ના રોજ બ્લોક નં. ૨૮૦ અને પડોશના ખેડુત રોહીતભાઈના બ્લોક નં. ૨૭૯ માંથી બોર થી કુંડી સુધીનો પાણીના મોટરનો પાઈપ ચોરી થયેલ છે. તથા બાજુમાં ૨૭૯ બ્લોક ના ગેટનાં બન્નો લોંખડના દરવાજાની ચોરી થઈ છે. આ બાબતની જાણ ખેડુતને ૩૧ મી ના રોજ સવારે થતા. કામરેજ પોલીસ સ્ટેશને આ બાબતની તપાસ કરી ચોરી કરનાર ઈસમો સામે કાયદાકીય ફોજદારી ગુનો નોંધવા પોલીસ ફરીયાદ કરાઈ.










LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA
digit
NJ MUTUAL FUND BUILT ON RULES
care HEALTH INSURANCE
BAJAJ Allianz

શું તમારી હેલ્થ ઈન્શ્યોરેન્સ પોલીસીનું પ્રીમિયમ વધી ગયુ છે ?
તમારા એજન્ટ તરફ થી સર્વિસ નથી મળી રહી ?

ફકત એક ફોન કરો
Door Step Services
મેડીકલેમ કરાવો

- વ્યાજબી પ્રીમિયમ
- નો કલેમ બોનસ 600% સુધી
[ડાયબિટીસ ઈન્સ્યુલીન, માનસિક રોગ બીપી, હદય રોગ, થાઈરોઈડ, જેવી ગંભીર બીમારિઓ કવર]
- દર વર્ષે હેલ્થ ચેકઅપ ફ્રી
- કેશલેસ ફેશીલીટી
- ઈન્કમ ટેક્ષ માં લાભ
- દરેક કંપનીની પોલીસી પોર્ટેબલીટી કરી આપવામાં આવશે.
- કન્ટીન્યુ બેનીફીટ સાથે

એજન્ટ બનવા કોલ કરો
NIMESH N. PATEL
Mo. 88663 66683
E-mail :
nimesh.p888@gmail.com

- Life Insurance
- Health Insurance
- Mutual Fund
- Motor Insurance

Office : 214, 2nd Floor, Exiito Comercial Hub, Nr Nayara Petrol Pump, Jahagirpura, Surat

Date-04/09/2024 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

## પીએમ જનમન અભિયાન અંતર્ગત

## સોનગઢના બોરદા અને ટાપરવાડા ગૃપ ગ્રામ પંચાયતના આદિમ જુથ પરિવારોને કલ્યાણકારી યોજનાઓ વિશે માર્ગદર્શિત કરી વિવિધ લાભોથી લાભાન્વીત કરાયા



**તાપી**-દેશ અને રાજયના આદિમ જૂથોના વિકાસ માટે બીજા તબક્કાના 'પીએમ જન મન અભિયાન'નો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત આગામી ૧૦ મી સપ્ટેમ્બર દરમિયાન રાજયમાં આદિમ જૂથના તમામ પરિવારોને સરકારની વિવિધ યોજનાઓથી લાભાન્વીત કરી વિકાસની મુખ્ય ધારામાં લાવી સમગ્ર દેશનો વિકાસ સાધવાનો ધ્યેય ભારત સરકારનો છે.

આ અભિયાન અંતર્ગત તાપી જિલ્લામાં સમગ્ર તંત્ર દ્વારા મિશન મોડ ઉપર સર્વે અને લોક જાગૃતી અભિયાન અને લાભ વિતરણ કેમ્પોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં તાપી જિલ્લા તંત્ર દ્વારા આદિમજુથના પરિવારોને વિવિધ યોજનામાં સમાવવાનો સરાહનિય પ્રયાસ હાથ ધરાયો છે.

નબળા આદિવાસી જૂથ-પીવીટીજીના લાભાર્થીઓના જીવનશૈલીમાં સુધાર કરવાના ઉમદા આશય સાથે તાપી જિલ્લામાં આદિમજુથ સમુદાયના લાભાર્થીઓને વિવિધ યોજનાઓના (૧૦૦ %) લાભ મળી રહે એ હેતુસર પીએમ જનમન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું રહ્યું છે.

પીએમ જન મન અંતર્ગત PVTG નાં લાભાર્થીઓને જાતિનું પ્રમાણપત્ર, આધારકાર્ડ, લીડ બેન્ક અંતર્ગત પ્રધાનમંત્રી જનધન બેન્ક એકાઉન્ટ, આવકના દાખલો, રેશનકાર્ડ તથા ઉજ્જવલા યોજના, આયુષ્યમાન ભારત કાર્ડ માટે બાકી રહેલ લાભાર્થીને લાભ આપવા માટે તેમજ સિકલસેલ એનિમિયા, ટીબી નિર્મૂલનનો મેડીકલ કેમ્પ આજ રોજ સોનગઢ તાલુકાના બોરદા અને ટાપરવાડા ગૃપ ગ્રામ પંચાયત ખાતે જનમન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં આદિમ જુથ પરિવારોને કલ્યાણકારી યોજનાઓ વિશે માર્ગદર્શિત કરી વિવિધ લાભોથી લાભાન્વીત કરાયા હતા.

નોંધનીય છે કે, આ અભિયાન હેઠળ આદિમ જૂથના તમામ પરિવારોને સરકારશ્રીની વિવિધ યોજનાઓથી લાભાન્વીત કરી વિકાસની ધારામાં લાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે, ત્યારે 'પીએમ જન મન' મહાઅભિયાન અંતર્ગત તાપી જિલ્લાના આદિમજુથના કુટુંબોને પ્રાથમિક અને મૂળભુત સુવિધાઓ સહિત કલ્યાણકારી યોજનાઓ હેઠળ આવરીને સમાજની મુખ્યધારામાં પ્રસ્થાપિત કરવાના ધ્યેયમંત્ર સાથે કેન્દ્ર અને રાજય સરકારે કમરકસી છે.

**અભિયાન હેઠળ આદિમ જૂથના તમામ પરિવારોને સરકારશ્રીની વિવિધ યોજનાઓથી લાભાન્વીત કરી વિકાસની ધારામાં લાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે**

## મશીનરી દ્વારા ૨૪ કલાકમાં તૈયાર થાય છે વેસ્ટ શાકભાજી-ફળોમાંથી બેસ્ટ ખાતર; એક કિલોનું રૂ. ૨૦થી ૭૦માં ઓનલાઇન વેચાણ



સુરત- સુરત મહાનગરપાલિકા હવે શહેરના તમામ શાકભાજી માર્કેટને આદર્શ માર્કેટ બનાવવા જઈ રહી છે. હાલ સુરતની અંદર દસ આવાં શાકભાજી માર્કેટ છે, જેની અંદર વેસ્ટ શાકભાજી અને ફળનો ઉપયોગ કરીને બેસ્ટ ખાતર બનાવવામાં આવે છે. જયાં એક તરફ ખાતરની અછત જોવા મળે છે, ત્યારે મહાનગરપાલિકાના નવતર પ્રયોગથી રોજ હજારો કિલો વેસ્ટ શાકભાજી અને ફળમાંથી ઉચ્ચ ગુણવત્તાનું ખાતર બની રહ્યું છે. દરેક માર્કેટની અંદર ૧૦૦ કિલોથી લઈને ૧૦૦૦ કિલોની કેપેસિટી ધરાવતા ફર્ટિલાઇઝર મશીન મૂકવામાં આવ્યા છે. આ ફર્ટિલાઇઝર મશીનના કારણે માર્કેટની અંદર જે પણ વેસ્ટ એકત્ર થાય છે, તે મશીનમાં નાખતા માત્ર ૨૪ કલાકની અંદર જ તેનું ખાતર બની જાય છે. આ ખાતરનું પ્રતિકિલો ૨૦ થી લઈને ૭૦ રૂપિયામાં વેચાણ થઈ રહ્યું છે.

સુરત મહાનગરપાલિકાએ ગંદકી દૂર કરવાની સાથે વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની શરૂઆત કરી છે. શહેરનાં ૧૦ જેટલા શાકભાજી માર્કેટમાંથી નીકળતા વેસ્ટ શાકભાજી અને ફળોમાંથી ખાતર બની રહ્યું છે. આ માટે સુરત મનપાએ એજન્સીના માધ્યમથી અહીં મશીન મૂક્યું છે, જે ભીના કચરાને ઉચ્ચ ગુણવત્તાના ખાતરમાં પરિવર્તિત કરી દે છે. ફર્ટિલાઇઝર મશીનથી માત્ર ૨૪ કલાકમાં સારી ક્વોલિટીનું ખાતર તૈયાર થઈ રહ્યું છે. એક તરફ હાઈ ક્વોલિટીનું ખાતર મળી રહ્યું છે, તો બીજી બાજુ માર્કેટની અંદર ગંદકી પણ થતી નથી. ૨૪ કલાકમાં જે ખાતર શાકમાર્કેટની અંદર બની જાય છે, તેને પ્રોસેસ કરવા માટે પ્લાન્ટમાં મોકલવામાં આવે છે. આ પ્રોસેસ બાદ ખાતરની કિંમત ૨૦ રૂપિયાથી લઈને ૭૦ રૂપિયા પ્રતિ કિલો થઈ જાય છે.

આ મામલે સુપરવાઇઝર અભિષેક હિંગુએ જણાવ્યું હતું કે, શહેરનાં ૧૦ જેટલાં માર્કેટમાં આ મશીનો લાગેલાં છે. ૧૦૦ કિલોથી લઈને ૧૦૦૦ કિલોની કેપેસિટીવાળા આ મશીન છે. જેમાં રોજે ૧૦૦થી લઈને ૧૦૦૦ કિલો શાકભાજીના વેસ્ટને પ્રોસેસ કરીને ખાતર જનરેટ કરવામાં આવે છે. અહીં અમે માણસો રાખ્યા છે, જેઓ તમામ જગ્યાએથી શાકભાજી વેસ્ટ એકત્ર કરે છે અને મશીનમાં નાખે છે. મશીનમાં પ્રોસેસ થયા બાદ ૨૪ કલાકમાં ખાતર બની જાય છે. ત્યાર પછી આ ખાતર અમે અમારા ટ્રાન્સપોર્ટેશન થકી અમારા પ્લાન્ટ પર લઈ જઈએ છીએ અને ત્યાં તેની ઉપર આગળની પ્રોસેસ કરવામાં આવે છે. આ ખાતર થકી અમે પ્રતિકિલો ૨૦ રૂપિયાથી લઈને ૭૦ રૂપિયાની કમાણી કરીએ છીએ. આ ખાતર ઓનલાઈન પણ વેચાય છે.

## ખડસદ ગામની સીમમાં સ્વિફ્ટ ચાલકે

## બાઇક તથા મોપેડને અડફેટમાં લઇ ત્રણ લોકોને ગંભીર ઇજા પહોંચાડી ડ્રાઈવર કાર મુકી ફરાર, કામરેજ પોલીસે ગુનો નોંધ્યો



બારડોલી- ખડસદ ગામે સરદાર સર્કલથી પાસોદરા જતા રોડ પર સ્વિફ્ટ કારનાં ચાલકે એક મોપેડ તથા બાઇકને અડફેટમાં લઈ ત્રણ લોકોને ગંભીર ઇજાઓ પહોંચાડી અકસ્માત સર્જી કાર મુકી ફરાર થઇ જવાનાં મામલે કામરેજ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પિયુષભાઇ રમેશભાઇ સાવલીયા રહે યોગીચોક સુરતનાં પિતા રમેશભાઈ સાવલીયા, માતા વિમળાબેન પ્લેટીના બાઇક નં. જી.જે-૦૫-ઇએલ-૭૧૦૪ અને મામા ધુસાભાઇ ઇલેક્ટ્રીક મોપેડ નં.જીજે-૫- એલવી-૧૪૦૯ લઇને કામરેજ પોલીસની હદમાં આવેલ ખડસદ ગામની સીમમાં સરદાર સર્કલથી પાસોદરા તરફ જઈ રહ્યા હતા. જે દરમ્યાન પાછળથી પુરપાટ આવેલા સ્વિફ્ટ કાર નં.જીજે-૦૫-જેએન-૩૧૪૨નાં ચાલકે પોતાની કાર ગલતભરી રીતે હંકારી લાવી સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દઈ ઉપરોક્ત બંને વાહનોને અડફેટમાં લઇ અકસ્માત સર્જી ચાલક કાર મુકી ફરાર થઇ ગયો હતો.

જોકે સમગ્ર અકસ્માતની ઘટનામાં ઉપરોક્ત ત્રણેય જણાને ગંભીર ઇજાઓ પહોંચતા જેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ સમગ્ર બનાવ અંગે કામરેજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા હરકતમાં આવેલી પોલીસે કસુરવાર સ્વિફ્ટ કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં રેઈન વોટર હાર્વેસ્ટીંગનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



સુરતઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની અધ્યક્ષતામાં દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લાના મંત્રીઓ, પદાધિકારી-અધિકારીઓની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય જળ મિશન હેઠળ રકેચ ધ રેઈન , રેઈન વોટર હાર્વેસ્ટીંગ અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

મેરિડીયન હોટલ ખાતે જળશક્તિ મંત્રાલયના નેજા હેઠળ આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી એ સૌને સાથે મળીને વરસાદરૂપી અમૃતના એક એક ટીપાને જમીનમાં સંગ્રહ કરવા માટેના ભગીરથ કાર્યમાં જોડાવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, કેચ ધ રેઈન ના ધ્યેય સાથે જનભાગીદારીથી વરસાદના પાણીને ભૂગર્ભમાં ઉતારવાના સામૂહિક કાર્યનો આરંભ થઈ ચૂક્યો છે. આપણા ઘર, મહોલ્લા, ગામ, શેરીઓ સુધી આ અભિયાનને લઈ જવાની હાંકલ કરતા તેમણે કહ્યું કે, દક્ષિણ ગુજરાતમાં રાજયનું ૬૫ ટકા પાણી રહેલું છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનની ૨૦ નદીઓને જોડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આપણે સાથે મળીને ભૂગર્ભ જળસંગ્રહના હેતુ સાથે ૨૪,૮૦૦ બોર કરવા જઈ રહ્યા છીએ. જમીનના પેટાળમાં મોટી માત્રામાં પાણીના જથ્થાનો સંગ્રહ કરવાની તાકાત રહેલી છે.

## ડાંગમાં આવેલા ભારે વરસાદને કારણે અંબિકા, કાવેરી અને પૂર્ણા નદીના જળસ્તર વધવાની સંભાવના, તંત્ર એલર્ટ મોડમાં



નવસારી-નવસારી જિલ્લાના ઉપરવાસ એવા ડાંગ જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો છે. જેની સીધી અસર નવસારી જિલ્લામાં થાય છે. ડાંગમાંથી વહેતી અંબિકા, પૂર્ણા અને કાવેરી નદી નવસારી જિલ્લામાંથી થઈને દરિયામાં ભળે છે. ગત ૨૪ કલાકમાં ડાંગ જિલ્લામાં વરસી રહેલા ધોધમાર વરસાદને કારણે ફરિવાર અંબિકા, પૂર્ણા અને કાવેરીના જળસ્તર વધવાની સંભાવના નવસારી વહીવટી તંત્રએ વ્યક્ત કરવા સાથે નીચાણવાળા વિસ્તારના લોકોને ફરી સાવચેત કર્યા છે.

ડાંગ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં હવામાન વિભાગની આગાહી મુજબ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે જેને કારણે નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ ઊભી થઈ છે જેની સીધી અસર નવસારી જિલ્લામાં પણ જોવા મળશે. બે વાગ્યાથી અઢી વાગ્યાની આસપાસ અંબિકા તેમજ કાવેરી નદીઓની સપાટીમાં વધારો થઈ શકે છે, તેવી સંભાવના નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ નીચાણવાળા વિસ્તારોને પણ સાવચેત કરવામાં આવ્યા છે.

આ વર્ષે નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના અંબિકા તેમજ કાવેરી નદીના કિનારે રહેતા લોકોએ બે વખત પૂરનો સામનો કર્યો છે.

**ફરિવાર અંબિકા, પૂર્ણા અને કાવેરીના જળસ્તર વધવાની સંભાવના નવસારી વહીવટી તંત્રએ વ્યક્ત કરવા સાથે નીચાણવાળા વિસ્તારના લોકોને ફરી સાવચેત કર્યા**

## ઉમરપાડામાં સરકારી એસ.ટી બસ પ્રશ્નો ઉકેલવા અને ખેડૂતોને પાક નુકસાનની વળતર આપવા માગ કરી



બારડોલી-ઉમરપાડામાં સરકારી એસ.ટી બસના પ્રશ્નો ઉકેલવા અને ખેડૂતોને અતિવૃષ્ટિથી થયેલ પાકની નુકસાની વળતર સત્વરે આપવામાં તેવી માગ સાથે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ દેખાવો, વિરોધ પ્રદર્શિત કરી મામલતદારને આવેદન આપ્યું હતું.

આમ આદમી પાર્ટીના જિલ્લા મહામંત્રી સ્નેહલ વસાવા, તાલુકા પ્રમુખ રણજીત વસાવા, સિરીષ ચૌધરી સહિતના કાર્યકરોએ ઉમરપાડાના મામલતદારને રજૂઆત કરતા જણાવ્યું કે, ઉમરપાડા તાલુકાની મુસાફર જનતા વિદ્યાર્થીઓને સરકારી એસટી બસની સુવિધા મળતી નથી જેને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. રોજગારી છીનવાઈ રહી છે ત્યારે સત્વરે વિભાગના જવાબદાર અધિકારીઓ ઉમરપાડા તાલુકામાં જુના મહત્વના એસટી રૂટો ફરી શરૂ કરે તેવી અમારી માંગણી છે. અંકલેશ્વર કોસંબા કીમ ચાર રસ્તા પાનોલી સુરત સહિતના સેન્ટરો પર તાલુકામાંથી રોજગારી મેળવવા માટે લોકો જઈ રહ્યા છે, પરંતુ સરકારી એસટી બસની સુવિધા મળતી નથી. જેને લઇ સમગ્ર લોકો પરેશાન થઈ ગયા છે.

વાંકલ ખાતે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરકારી એસટી બસની સુવિધાઓ મળતી નથી. જેને લઇ વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે. સાથે પાસ કાઢાવવાની સુવિધા વિદ્યાર્થીઓને આપવામાં આવે તેવી અમારી માગણી છે. વધુમાં તેઓએ જણાવ્યું કે, ગત વર્ષે વરસાદ અતિવૃષ્ટિને કારણે ઉમરપાડા તાલુકાના ખેડૂતોને કૃષિ પાકનું વ્યાપક નુકસાન થયું હતું.

## વ્યારા નગરપાલિકા દ્વારા વિવિધ શેરી, રોડ રસ્તા, ગટર સફાઈ સહિત દવા છંટકાવની કામગીરી પૂરજોશમાં



**તાપી**-જિલ્લા કલેક્ટર ડો. વિપિન ગર્ગના માર્ગદર્શન હેઠળ જિલ્લાની નગરપાલિકાઓ માં વરસાદના વિરામ બાદ તાત્કાલિક ધોરણે ભરાયેલા પાણીનો નિકાલ થાય રોડ રસ્તા ગળનાળા સહિતના વિસ્તારોમાં યોગ્ય સાફ-સફાઈ કરવામાં આવે, લોકોની અવરજવર માટે ધોવાયેલ શેરીઓ તેમજ રસ્તાઓનું સમારકામ કરવામાં આવે તથા લોકોના આરોગ્ય માટે આ શેરીઓ તેમજ રસ્તાઓ પર સાફ-સફાઈ અને દવા છંટકાવ સહિતની કામગીરી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ત્યારે આજે વ્યારા નગરપાલિકા દ્વારા વ્યારા શહેરની સ્વચ્છતા માટે નગરપાલિકા અને આરોગ્યની વિવિધ ટીમોની રચના કરી સાફ-સફાઇ અને દવા છંટાકાવ કરવાની કામગીરી કરવામાં હતી. વ્યારા ચીફ ઓફિસરશ્રી વંદના ડોબરિયા દ્વારા નગર પાલિકા વિસ્તારના ૭ વોર્ડ મુજબ સુપરવાઇઝરો અને મુજબ સફાઈના કર્મચારીઓ સહિત અલગ અલગ ટીમની રચના કરવામાં આવી છે.

આ ટીમ દ્વારા રોડ રસ્તાઓ પર ફેલાયેલા ગંદકીના પડ દૂર કરી રસ્તાને ચોખ્ખા કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત આરોગ્યની ટીમ દ્વારા રસ્તા પર દવા છંટકાવ તેમજ ફોગીંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. ટીમ દ્વારા વધુ અસરગ્રસ્ત વિસ્તારોને પ્રાથમિકતા આપી કામગીરી કરવામાં આવી રહી છે. શક્ય હોય તેટલી ઝડપે તમામ વિસ્તારોમાં સાફ-સફાઈ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

## પ્રથમ પહેલાં સમરીએ રે સ્વામિ તમને સૂંઢાળા; રિદ્ધિ-સિદ્ધિના દાતા છો તમે દેવતા

ભગવાન ગણેશજીની પ્રાપ્તિ કરાવનાર ઉત્તમમા ઉત્તમ જો કોઈ પુરાણ હોય તો તે ગણેશ પુરાણ છે. ગણેશ પુરાણ બ્રહ્માજીએ ભૃગુ ઋષિને સંભળાવ્યું. ભૃગુ ઋષિએ સોમકાન્ત નામના રાજાને ગણેશ પુરાણની કથા સંભળાવી. એ કથાના પ્રભાવથી સોમકાન્ત રાજા સર્વ પ્રકારના પાપોમાંથી મુક્ત થયાં તેમજ ભગવાન ગણેશજીના લોકની તેમને પ્રાપ્તિ થઈ.

ગણેશ પુરાણ એ પાંચ ખંડોમાં વહેંચાયેલું છે. જેમાં સૌથી પ્રથમ ખંડ એ ઉપાસના ખંડ છે, બીજો ગણેશ જન્મ ખંડ, ત્રીજો ક્રિડા ખંડ, ચોથો આરાધના ખંડ અને પાંચમો ગણેશ મહિમા ખંડ. બ્રહ્મ વૈવર્તક પુરાણ, શિવ પુરાણ, પદ્મ પુરાણ આ બધામાં ભગવાન ગણેશજીનું પ્રાગટય થયું એ પ્રાગટયની કથાઓ ગણેશ જન્મ ખંડમાં ખુબજ વિસ્તારથી વર્ણવી છે. ગણેશ પુરાણમાં ભગવાન ગણેશજીના લોકનું વર્ણન કર્યું છે. આપણે ત્યાં સાત સમુદ્રો છે. એ સાત સમુદ્રોમાં શેરડીના રસનો દરિયો છે અને ઈક્ષુરસના સમુદ્રમાં જ ભગવાન ગણેશજીનો ઉત્તમલોક આવેલો છે.

ગણેશ પુરાણમાં ભગવાન ગણેશજીનો એકાક્ષર મંત્ર, શડક્ષર મંત્ર અને અષ્ટાક્ષર મંત્રનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. ભગવાન મયુરેશ્વરના પ્રાગટયની કથા તેમજ ઢુંઢીરાજનું ચરિત્ર આ પુરાણમાં વર્ણવવામાં આવ્યું છે. જેવી રીતે કાશીના અધિષ્ઠાતા મહાદેવજી છે, તો મહાદેવજીની સાથે સાથે કાશીના રક્ષક એ ભગવાન ગણેશજી છે. ભગવાન ગણેશ એ ઢુંઢીરાજ સ્વરૂપે કાશી નગરીનું રક્ષણ કરે છે. ભગવાન ગણેશજી અનાદિ દેવ છે એ વાતને પુરાણમાં સ્પષ્ટ કરી છે. સતયુગમાં ભગવાનનું મોહત્કટ સ્વરૂપ છે, ત્રેતાયુગમાં વિનાયક, દ્વાપર યુગમાં ગજાનન અને કલિયુગમાં ધુમ્રકેતુ સ્વરૂપે ભક્તજનોને કૃતાર્થ કર્યા છે. ભગવાન ગણેશજી મોર ઉપર પણ સવાર થયા છે. એટલે એમનું નામ મોરિયા છે.

પાર્વતી માતાજીએ એમના પિતા હિમાચલ મહારાજના કહેવાથી ભગવાન ગણેશજીનું ઉત્તમ વ્રત કર્યું હતું. જે વ્રત શ્રાવણ મહિનાની સુદ ચોથ થી પ્રારંભ થાય છે અને ભાદરવા મહિનાની સુદ ચોથે એનું સમાપન થાય છે. આ વ્રતના પ્રભાવથી જ પાર્વતી માતાજીને મહાદેવજીના દર્શન થયાં. ગૌતમ ઋષિના શ્રાપમાંથી મુક્ત થવા માટે દેવરાજ ઈન્દ્રએ પણ ગણેશજીની ઉપાસના કરી. દેવરાજ ઈન્દ્ર સહસ્ત્રાક્ષ કહેવાણા. આ બધા પ્રસંગોનું વર્ણન ગણેશ પુરાણમાં ખુબજ વિસ્તારથી કરવામાં આવ્યું છે. તેમજ, ભગવાન વિષ્ણુએ કરેલી ગણેશ ઉપાસના, ભગવાન ગણેશજીનું સિદ્ધિ વિનાયક સ્વરૂપે પ્રાગટય આ પ્રસંગોનું વર્ણન કરી ભગવાન ગણેશજીની નિર્મળ ભ ક્તનું વર્ણન આ પુરાણમાં કરવામાં આવ્યું છે. દશરથ મહારાજે પણ ભગવાન ગણેશજીની ઉપાસના કરી. જે પ્રસંગને પણ ગણેશ પુરાણમાં વર્ણવવામાં આવ્યો છે. વિશેષમાં દુર્વાનો મહિમા, મંદાર અને સમી પત્રનો મહિમા ગણેશ પુરાણમાં છે. તેમજ વિશેષ સંકષ્ટી વ્રતનો મહિમા ગણેશ પુરાણમાં વર્ણવવામાં આવ્યો છે. સંકષ્ટી હોય અને મંગળવાર હોય તેને અંગારકી ચતુર્થી કહેવાય છે. કૃષ્ણ પક્ષની ચતુર્થી હોય અને મંગળવાર હોય એ સમયે જો વ્રત કરવામાં આવે તો બારેય મહિનાની સંકષ્ટીનું ફળ પ્રાપ્ત થાય. સંકષ્ટી વ્રત એ કિરાતે કર્યું હતું અને તેને ભગવાન ગણેશજીના લોકની પ્રાપ્તિ થઈ. ભગવાન ગણેશજી એ તો ભાવના ભૂખ્યા છે! કાશીમાં રહેવાવાળો શુક્લ બ્રાહ્મણની ભ ક્તને વશ થઈ એના ઘરે ગણેશજીએ ભાખરી આરોગી. ગણેશ પુરાણમાં આ બધા ચરિત્રોનું વર્ણન છે જેનું શ્રવણ સોમકાન્ત નામના રાજાએ ભૃગુ ઋષિ પાસેથી કર્યું. જેટલું મહત્ત્વ વેદનું છે તેટલું જ મહત્ત્વ આ ગણેશ પુરાણનું છે. કારણ કે તે વેદના સારરૂપ છે. માટે જ તો આપણી પ્રાચિન સંતવાણીમાં કહેવામાં આવ્યું છે કે, 'પ્રથમ પહેલાં સમરીએ રે સ્વામિ તમને સૂંઢાળા; રિદ્ધિ-સિદ્ધિના દાતા છો તમે દેવતા, મહેર કરોને મહારાજ રે. માતા રે કહીએ પાર્વતી સ્વામિ તમને સૂંઢાળા, પિતા શંકર દેવ દેવતા; મહેર કરોને મહારાજ રે. જેવી રીતે સોમકાન્ત રાજા ઉપર ભગવાન ગણેશજીની કૃપા થઈ એવી આપ સૌ ઉપર ભગવાની કૃપા દ્રષ્ટિ વરસે એ જ અભ્યર્થના સાથે..અસ્તુ !

ઈનોવા કાર ભાડે થી મળશે
૫–સિટર
૭–સિટર



સંપર્ક– અનિલભાઈ
મો.97242 60058



સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# વિદેશમાંથી શીખવા જેવી અને સમજવા જેવી વાતો





આપણા દેશમા લોકોનો વિદેશમા જવાનો ક્રેઝ દિન પ્રતિદિન વધતો જ જાય છે અને એટલે જ આપણા દેશના યુવાનો વધુ અભ્યાસ માટે અને ત્યાર બાદ ડોલરમા કમાણી કરવા માટે ત્યાંજ નોકરી ધંધામા સેટ થઈ જાય છે અને તેઓ જયારે પણ ભારત દેશમા પાછા ફરે છે ત્યારે વિદેશના ટ્રાફિકના નિયમો, સરકીરી કાયદાઓ અને પબ્લિક ડીસીપલીનની વાતો કરતા થાકતા નથી. વિદેશનુ કલ્ચર આપણને ગમતુ નથી કારણ કે વિદેશમા ફેમીલી લાઈફ જેવુ કશુ હોતુ નથી ! વિદેશી કલ્ચરમા ઘણી ખામીઓ હશે પરંતુ ઘણી બધી બાબતોમા તો વિદેશ લાઈફ સ્ટાઈલ આપણા કરતા ઘણી ચઢીયાતી છે તે વાત તો માનવી જ પડે ! વિદેશમા માનવતા અને માનવીય મૂલ્યોનુ રક્ષણ આપણા દેશ કરતા વધારે જોવા મળે છે. વિદેશમા પણ સરકાર લોકો પાસેથી ટેક્સ ઉઘરાવે છે પરંતુ ત્યા લોકોની સામાજિક સુરક્ષા આપણા કરતા વધારે છે. આવી તો વિદેશની ઘણી બધી બાબતો છે જેના વિશે ચર્ચા કરી શકાય એમ છે ! લેખક જય વસાવડા પણ કહે છે કે, 'પશ્ચિમમાં હજાર ખામીઓ હશે પણ એક મોટો. ગુણ છે પારદર્શકતા. જેવા હો એવા દેખાવાનું. બેશરમ બિન્દાસ. આ જ એક પ્રકારનો નૈતિક ધર્મ પણ છે. એક મોટું દંભીસ્તાન આપણી આસપાસ રચી બેઠા છીએ.સ્ત્રીનું સૌંદર્ય દરેક નોર્મલ પુરુષ હોય એને ગમતું હોય. મેડિકલી ખામી હોય તો અલગ વાત છે. બાકી બ્યુટીના એપ્રિસિએશન માટે તો કળાઓ છે જગતમાં. નહી તો આંખ ને દિલનું કામ શું છે ?

પણ મારા જેવા નિખાલસતાથી એની વાત કરે કે કોઈને પરેશાન કર્યા વિના ગમતી સ્ત્રીની માદક તસવીરો જાહેરમાં મસ્તીથી શેર કરે તો જિંદગીમાં પહેલી વાર સેક્સ શબ્દ સાંભળ્યો હોય એમ ભડકી જતા અમુક પંચાતિયા પોપટાપોપટીઓ હરામ છે જો વાસ્તવમાં એકચ્યુઅલી હજારો સ્ત્રીઓના શોષણ માટે ફરાર એવા સાંસદની ચૂંટણી લડનારા પેલા રખડેલ રમન્ના સામે જઈને એક હરફ સુદ્ધાં બોલે તો. ખાલીખોટા પોતે



મનોમંથન
જિતેન્દ્રસિંહ ઠાકોર
Mob. 94284 45632
darbarkim@gmail.com

બહુ સતા છે એવું દેખાડવા, સંસ્કૃતિની સમજણ વિના એના બહાને જજ મેન્ટલ થવું છે આવી પબ્લિસિટી ભૂખ્ખડ આઇટમો ને. આ દંભીસ્તાન છે આસપાસ. ગ્રામીણ પરિવેશની વાતો કરનારા કેટલાય જાનપદી સાહિત્યકારો ખુદ ગામડું મૂકી શહેરમાં આજીવન બંગલા કે ફ્લાઇટ રાખી જીવે છે. પર્યાવરણના નામે બીજાને ગિલ્ટ કરાવનારા ખુદ એસી ફ્લાઇટ, કાર કે ડાઇવ સ્ટાર સિવાય ક્યાંય પગ નથી મૂકતા એની ચર્ચા કરવા પણ અન્યોની સગવડો સામે સાદગીનો દેખાડો કર્યા કરે છે. પ્રેમ ને સંવેદનાની વાતો કરનારા ચાહકો સાથે એક ફોટો પ્રોગ્રામમાં પડાવ્યા વિના બોડીગાર્ડ લઈ ભાગી જાય છે. વફાદારીના ઉપદેશો લેખોમાં ચીતરનારા ખુદ કંપની બદલાવી વંડી ઠેકી જાય છે ! પ્રેમનો વધુ પડતો દેખાવ કરતા યુગલો અંગતમાં ઝગડા કરે છે ને સેવાની અતિશય વાતો કરનારા પ્રસિદ્ધિ શોધે છે. ના હોય તો પણ કરિઅરમાં સફળતાની પોસ્ટ મૂકનારાની ઘેર હાંડલા કુસ્તી કરતા હોય છે, ને જગતને તો પછી પહેલા જાતને છેતરે છે ! કેટલાય પોતાની મોજની વાત કરનારા કોઈકના પૈસે ટેક્સી થતી હોય એટલું જ ફરવા નીકળે છે ને રોજ સવારે સત્યના ઉપદેશો કરનારને એમની ફેક્ટમાં ભૂલ બતાવો તો સોરી કહેવા જેટલું સૌજન્ય રાખતા નથી ! આ નરી લુચ્ચાઈ છે. એટલે આપણે પૂજાપાઠ કર્યા કરીએ પણ સ્વર્ગ જેવું સુખ ઉપરવાળો બીજે ઠાલવે છે. આંકડાઓ જુઓ. જયાં ને ત્યાં સ્વદેશના ઝંડા લઈ બૂમરાણ મચાવનારાને મફતમાં મોકો મળે તો ત્યાં સેટલ થઈ જવું હોય છે !' આપણા ભારત દેશની સંસ્કૃતી અને કલ્ચર બીજા કોઈ દેશમા જોવા નથી મળતુ તેવી જ રીતે દરેક દેશની કોઈ ને કોઈ વિશેષતા હોય છે જે દરેકને પસંદ હોય છે. અસ્તુ.

## વ્યારા નગરપાલિકામાં સફાઈ અભિયાનની સાથોસાથ મચ્છરોના ઉપદ્રવને નાથવા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી





તાપી -તાપી જિલ્લામાં ગત રોજ પડેલા ભારે વરસાદ બાદ મચ્છરજન્ય રોગચાળો અને અન્ય બિમારિઓ ન ફેલાય તે માટે અગમચેતીના ભાગરૂપે જિલ્લા કલેક્ટરશ્રી ડો.વિપિન ગર્ગના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં સફાઈ અભિયાનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

આજે સવારથી વ્યારાનગર પાલિકાની ટીમ વ્યારાને સ્વચ્છ અને રોગ મુક્ત બનાવવાના અભિયાનમાં જોડાઇ ગઈ હતી.વ્યારા નગરપાલિકાની ટિમ દ્વારા વિવિધ વિસ્તારોમાં ગત રોજ ભારે વરસાદના પગલે ભરાઇ ગયેલા કચરા-પાણીનો નિકાલ કરવમાં આવ્યો હતો.

જે વિસ્તારના રોડ-રસ્તા અને શેરીઓમાં કાદવ કિચડના પડ જામ્યા હતા ત્યા પાણીના ટેકર મારફતે ધોવામાં આવ્યું હતું. સફઈ બાદ આરોગ્યની દરકાર રાખી વિવિધ રોગચાળા સામે વ્યારાનગર વાસીઓને રક્ષણ પુરું પાડવા જાહેર રસ્તાઓ અને સોસાયટીઓમાં મચ્છરોના ઉપદ્રવને નાથવા દવાઓનો છંટકાવ, અને પાઉડર છંટકાવની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.


## ગુજરાતમાં ફરી વરસાદી વાદળો છવાયા, વહેલી સવારે અમદાવાદ સહિત ૩૬ તાલુકામાં મેહુલિયો વરસ્યો



ગુજરાતમાં થોડા દિવસના વિરામ બાદ ફરી એકવાર વરસાદ શરૂ થયો હતો. હવામાન વિભાગની આગાહી વચ્ચે બીજી સપ્ટેમ્બર સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધીમાં ૩૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ડાંગના વઘઈમાં ૩.૬૨ ઈંચ, મોરવા હડફ, આહવા સુબિર, ઉચ્છલ, લુણાવાડા અને લીમખેડામાં એક-એક ઈંચ વરસાદ પડ્યો છે. જયારે આજે અમદાવાદમાં વહેલી સવારથી કેટલાક વિસ્તારમાં ઝરમર વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડમાં ભારેથી અતિભારે જયારે અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરા, પંચમહાલ, છોટા ઉદેપુર, દાહોદમાં ભારે વરસાદ થઇ શકે છે. આ ઉપરાંત કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અરવલ્લી, મહીસાગર, ખેડામાં હળવોથી મધ્યમ વરસાદ થઇ શકે છે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સુરત અને શ્રી શાંડિલ્ય ઋષિ વેદ સંસ્કૃત મહાવિદ્યાલય ના સંયુક્ત ઉપક્રમે

## બ્રાહ્મણ સમાજના લોકો માટે 'સંધ્યા વંદન' શીખવવાના વર્ગો શરૂ થઈ રહ્યાં છે. જેની માહીતી નીચે મુજબ છે



સમસ્ત બ્રહ્મસમાજના પરિવારો ને જણાવતા આનંદ થાય છે કે આપણી વેદોક્ત વૈદિક પરંપરા 'સંધ્યા' જીવંત રહે અને દરેક બ્રાહ્મણ પરીવારમાં 'સંધ્યા' થઈ શકે તે માટે શ્રી શાંડિલ્ય ઋષિ વેદ સંસ્કૃત મહાવિદ્યાલય ના વિદ્વાન આચાર્યશ્રી દ્વારા 'સંધ્યા' શીખવાના વર્ગો શરુ થઇ રહ્યાં છે.

'સંધ્યા' કરનારા બ્રાહ્મણ પરિવાર ને સામાજિક, આર્થિક અને શારીરિક તકલીફો નડતી નથી અને પરીવાર ની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે છે. 'સંધ્યા શીખવવાના વર્ગો' તા. ૦૭/૦૯/૨૪ ને શનિવાર ના રોજ સાંજે ૭-૦૦ કલાકથી શ્રી શાંડિલ્ય ઋષિ વેદ સંસ્કૃત મહાવિદ્યાલય, શ્રી બદ્રીનારાયણ મંદિર, અડાજણ ગામ ચાર રસ્તા, સુરત ખાતે શરૂ થઈ રહ્યા છે.

આ વર્ગો દર અઠવાડિયે શનીવારે સાંજે ૭ થી ૮ અને રવિવારે સવારે ૯ થી ૧૦ ચાલશે. આ વર્ગ માં દરેક ઉંમર નાં બ્રાહ્મણ બંધુઓ જોડાઈ શકે છે. જે બંધુઓ જોડાવવા માંગતા હોય તેઓએ ઘરે થી પંચપાત્ર (જેમા આચમની, પવાલુ, તરભાણુ, ગૌમુખી, માળા) આસન, રુદ્રાક્ષની માળા હોય તો લઈને આવવાનું રહેશે. સંધ્યા નુ સાહિત્ય, ભસ્મ અને દર્ભ ની વિટી સમાજ તરફથી આપવામા આવશે.

સંધ્યા શીખવવાના વર્ગ નું શુલ્ક (ફી) ૩૦૦ છે. જે તમે શીખી જશો એટલે એ તમને પાછુ આપવામાં આવશે.

નામ નોંધાવવા માટે-
શ્રી નિકુંજ આચાર્ય - ૯૬૨૪૨ ૬૨૮૮૪
સમય - સાંજે ૪ થી ૮

નિમંત્રણ- શ્રી અશોકભાઇ જોષી
આચાર્યશ્રી -શ્રી જયદીપ ઘનશ્યામ ત્રિવેદી પ્રમુખ

સંપર્ક સૂત્ર- ૯૮૨૫૧ ૪૮૨૪૯

Date-04/09/2024 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT


## મોસાલી ગામે વરસેલા ભારે વરસાદને લઈને લોકોના ઘરોમાં વરસાદી પાણી ઘૂસ્યા

### ઘર વખરીને નુકસાન, અનેક લોકોનું સ્થળાંતર કરાયું



બારડોલી- રાજયમાં એકસાથે ચાર સિસ્ટમ સક્રિય થવાથી અનેક જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ગઈકાલે ડાંગ, તાપી, ભરૂચ, સુરત સહિતમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભરૂચના વાલિયામાં આભ ફાટ્યું હતું. ૧૪ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. જેથી અનેક ઘરોમાં પાણી ભરાયાં હતાં. ત્યારે વરસી રહેલા વરસાદને લઈને જનજીવન પ્રભાવિત થયું છે. સુરત જિલ્લામાં મોડી રાત્રે માંગરોળ તાલુકામાં પણ ભારે વરસાદ વરસ્યો છે. મોસાલી ગામે મોડી રાત્રે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જેને લઇને લોકોનું સ્થળાંતર કરાયું હતું. ઘરમાં ઘૂસી ગયેલા વરસાદી પાણીને લઇને લોકોની ઘર વખરીને પણ નુકસાન પહોંચ્યું છે. હજુ સુધી તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની મદદ ન કરાઇ હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

## વ્યારા અને પંચોલની શાળામાંથી ફસાયેલા બાળકોનું રેસક્યૂ



વાલોડ-વ્યારા નગરમાં આવેલ વોર્ડ નંબર ૨ માં મિશ્રશાળામાં સવારે ત્રણ ફૂટથી લઈને ચાર ફૂટ જેટલું પાણી ભરવા લાગ્યું હતું જેને લઈને શાળામાં અભ્યાસ કરતા અંદાજિત ૫૦થી વધુ બાળકો અને શિક્ષકોની મુશ્કેલીમાં મુકાયા હતા. જેમને પાલિકાની ફાયર અને બાગ ખાતાની ટીમ તેમજ સ્થાનીકોની મદદ દોરડું બાંધી સલામત બહાર કઢાયો હતો.

ઓલણ નદીના પૂરના પાણી પંચોલ આશ્રમ શાળામાં ભરાય જતા ફસાયેલા ૨૮૭ વિદ્યાર્થીઓનું NDRF ની ટીમ દ્વારા સલામત રીતે રેસ્ક્યું કરાયું હતું. જે બાદ બાળકોને ગડત આશ્રમશાળા ખાતે સહી સલામત રીતે ખસેડવામાં આવ્યા હતા. ઉપરાંત અંતાપુર,અંધારવાડી તથા કુંભીયા ગામના ૨૦ લોકોનું NDRF દ્વારા રેસ્ક્યું કરાયું હતું.

## પરિણિતાના પિતા પાસે ૫ લાખની માંગણી કરતા ૬ સામે પોલીસ ફરિયાદ




આંબોલી- મૂળ મહારાષ્ટ્રના પરિવારની અને હાલ માંગરોળના વચલા ફળિયા ખાતે રહેતી સકીના સૈયદના માંગરોળ ખાતે રહેતા મુન્નાવર મકબૂલ રાવત સાથે પાંચ વર્ષના પ્રેમ સંબધ બાદ છ મહિના અગાઉ જ તેમની રીત રિવાજ મુજબ નીકાહ થયા હતા. લગ્નના દસેક દિવસ બાદ સાસુ સસરા પિતાના ઘરેથી કઇ લાવી નથી કહી પોતાના દિકરાને ધંધો ચાલુ કરવા ૫ લાખની માંગણી કરતા પિતા રિક્ષા ચાલક હોય આપી શકવા સક્ષમ ના હોવા છતાં ૨૫ હજાર આપ્યા હતા. સાસુ સસરાની ચઢામણીથી પતિ પણ મારઝૂડ કરી પાંચ છ કલાક ભૂખી રાખી કાકી સાસુના રૂમમાં પૂરી દેતા સાસરેથી આવતી નણંદ પણ પતિની ચઢામણી કરી સકીના પર ગરમ ચા નાખી હેરાન કરવા સહિત તેના બીજા લગ્ન હોય છોડી દેવા કહેતી.

સાસરે આવતો નણદોઈ પણ તેના રૂમમાં અચાનક આવી ગમે તેવી ભાષામાં વાત કરી ગાળો આપતો. દિયર પણ પિયર વાળાને ગંદી ગાળો આપી તેની નાની બહેનને હેરાન કરવાની ધમકી આપતો હતો. સસરા બંનેમાંથી પોતાને પસંદ કર અથવા પત્નીને એમ કહી કૂવામાં કૂદી પડવાની ધમકી આપી પિયરમાંથી બોલાવી ફૈસલો કરવાનું કહેતા પતિએ રૂમમાં

## વ્યારામાં ૧૯૯૨ બાદ ૨૦૨૪ માં ફરી લોકમાતા મીઢોળાનું રુદ્ર સ્વરૂપ દેખાયું

વ્યારા- સુરત અને તાપી જિલ્લાની મહત્વની ગણાતી લોકમાતા મીંઢોળા નદીએ ૧૯૬૭, ૧૯૯૨ બાદ ૨૦૨૪ માં પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવી દેતા વ્યારા નગર સહિત નદી કિનારે આવેલા ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા . ઘોડાપૂરને કારણે નગરનો જુનો પુલ સંપૂર્ણ ગરક થયો હતો. જયારે નવા પુલની લગોલગ પાણી વહેતા જોવા મળ્યા હતા.

તાપી જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે જળસંકટ સર્જાયું હતું. પુરના પાણીના કારણે નદીનું દ્રશ્ય ખુબ જ બિહામણું જોવા મળ્યું હતું. મીંઢોળા નદીના પુરના પાણી નગરના વિવિધ વિસ્તારોમાં ઘૂસ્યા હતા વ્યારા નગરના નવી વસાહટ, મિશ્રા શાળા તેમજ શંકર ફળિયા, જુના હાઈવે વિસ્તારોમાં એક ફૂટથી લઈને પાંચ ફૂટ સુધીના પાણી ભરાયા હતા વ્યારા નગરની મધ્યમાંથી પસાર થતા હાઇવે પર પણ રીધમ હોસ્પિટલ નજીક વા પેટ્રોલ પંપ નજીક પાણી ભરાઈ જવાની લઈને વાહન વ્યવહાર બંધ કરાયો હતો. જેને લઇ વ્યારા નગરમાં ૭૦૦ લોકોનું સ્થાંતર કરાયું હતું.

આ ઉપરાંત વાલોડ કોટી પાસે દિપલી જે બેટ બની જતા. ૫ ગોવાળ અને ૪૦ થી વધુ ઢોર ફસાયા હતા. જેમાં ફસાયેલા ગોવાળોને હેલિકોપ્ટર વડે એરલિફ્ટ કરાયા હતા. હતા.

## બારડોલી સુગરના સભાસદો દ્વારા શેરડીની રોપણીનો આંરભ

બારડોલી- -બારડોલી સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સહકારી ધોરણે ચાલતી સુગર મિલોમાં શેરડી કાપણીની વહેલી તારીખ મેળવવા માટે ખેડૂતોમાં પડાપડી થતી હોય છે. સામાન્ય રીતે સુગર મિલો ૧લી સપ્ટેમ્બરથી રોપણીની કરવા મંજૂરી આપતી હોય છે કેટલીક સુગર ફેક્ટરીઓ ઓગસ્ટ માસથી જ રોપાણને મંજૂરી આપી દે છે. બારડોલી સહિતના વિસ્તારોમાં રવિવારથી શેરડી રોપણીની શરૂઆત થઈ ચૂકી છે. બે ત્રણ દિવસ વાતાવરણ સારું રહેતા ખેડૂતો ખેતરો તૈયાર કરી વહેલી સવારથી જ શેરડી રોપણીના કાર્યમાં જોતરાઈ ગયા હતા. જો કે આજે બીજા દિવસે ભારે વરસાદ વરસતા ખેડૂતોની તૈયારી પર પાણી ફરી વળ્યું હતું. હાલ ખેડૂતોએ શેરડી રોપાણ અટકાવી દેવાની ફરજ પડી છે. જો કે બારડોલી સુગર ફેક્ટરીના કાર્ય વિસ્તારમાં પ્રથમ દિવસે જ ૧૯૦૦ એકર જમીનમાં શેરડી રોપણી થઈ ગઈ હતી.

## તાપી જિલ્લામાં નવરાત્રી રાસ ગરબા સ્પર્ધાઃ ૨૦૨૪-૨૫ નું આયોજન



**તાપી**-ગુજરાત સરકારશ્રીનાં રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી,તાપી સંચાલિત નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા ૨૦૨૪-૨૫ નું આયોજન કરવામાં આવનાર છે.

જેમાં ભાગ લેવા ઈચ્છતા તાપી જિલ્લાના વિસ્તારમાં રહેતા યુવક-યુવતીઓએ પ્રાચીન તેમજ અર્વાચીન ગરબા સ્પર્ધામાં ૧૪ થી ૩૫ વર્ષ અને રાસ સ્પર્ધામાં ૧૪ થી ૪૦ વર્ષના ભાગ લઈ શકશે. આ જિલ્લાકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ નિયત નમુનાનું અરજીપત્રક સંપૂર્ણ વિગત સાથે બે નકલમાં ભરી, જન્મ તારીખનાં પુરાવા તરીકે દરેક સ્પર્ધકની આધારકાર્ડની નકલ સાથે અરજી પ્રતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બ્લોક નં. ૬, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, પાનવાડી, વ્યારા, જિ. તાપી ખાતે તા.૦૫/૦૯/૨૦૨૪ સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાની રહેશે. પ્રાચીન-અર્વાચીન ગરબા તેમજ રાસનાં શબ્દો અરજી સાથે આપવાનાં રહેશે. એમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

### મહારાષ્ટ્ર રાજયના નવાપુર પોલીસ સ્ટેશનમાં

## પ્રોહીબિશનના ગુન્હામાં નાસતો ફરતો વોન્ટેડ આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી



**તાપી-વ્યારા-** પ્રેમ વીર સિંહ, પોલીસ મહાનિરીક્ષક, સુરત વિભાગ તથા રાહુલ પટેલ, પોલીસ અધિક્ષક, તાપી-વ્યારાનાઓએ જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓ અને શરીર/મિલકત સબંધિત ગુન્હાઓ ડીટેક્ટ કરી કડક કાર્યવાહી કરવા સુચના આપેલ હોઈ જે અનુસંધાને એન.જી. પાંચાણી, ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એલ. સી. બી. ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ એ. એસ. આઇ. જગદીશભાઇ જોરારામભાઈ, એલ.સી.બી. તાપી નાઓ એલ.સી.બી./ પેરોલ ફર્લો સ્કોર્ડ તાપીના પોલીસ સાથે સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. તે દરમ્યાન અ. હે. કો જયેશભાઈ લીલકીયાભાઈ તથા અ.પો.કો. રવિન્દ્રભાઈ મહેન્દ્રભાઈ નાઓને મળેલ બાતમી આધારે મોજે- ઉચ્છલ સાકરદા ગામના હાઇવે બ્રિજ નીચેથી મહારાષ્ટ્ર રાજયના નંદુરબાર જીલ્લાના નવાપુર પોલીસ સ્ટેશન ગુ.ર. નં. ૨૨૭/૨૦૨૪ મહારાષ્ટ્ર દારુબંધી અધીનીયમ કલમ ૬૫ઇ, ૮૩,૧૦૮ મુજબના ગુનાના કામે સંડોવાયેલ વોન્ટેડ આરોપી- રાજેશભાઈ રામજીભાઈ ગામીત ઉ.વ ૩૭ રહે, ઉમરકચ્છ ગામ ડુંગરી ફળીયું તા. ડોલવણ જી. તાપી નાને તા. ૦૨/૦૯/ ૨૦૨૪ ના રોજ પકડી પાડતા કાયદેસરની કાર્યવાહી કરી મજકુર આરોપીને સદર ગુનાના કામે અટક કરવામાં આવેલ છે.

## કામરેજના ખાડે ગયેલા રોડ રસ્તાઓ તાત્કાલિક રિપેર કરી ઉકેલ લાવો




આંબોલી- છેલ્લા કેટલાક મહિનાથી કામરેજ વિસ્તારના જાહેર માર્ગો અને સોસાયટીમાં પ્રવેશ વાળા આંતરિક રસ્તાઓની ખાડે ગયેલી પરિસ્થતિને લઈ વાહન ચાલકો સહિત સ્થાનિક પ્રજાજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. કામરેજ, નવાગામ તેમજ ખોલવડ સહિત ત્રણ ત્રણ ગ્રામ પંચાયતમાં વિભાજિત કામરેજ આજુબાજુના વિસ્તારની સોસાયટીના રહીશો માટે રોડ, રસ્તા, પાણી, સિંચાઈ, વીજળીને લગતી લોક સમસ્યાઓથી લોકો પીડાઇ રહ્યા છે. ત્યારે લોક સમસ્યાની કામરેજ ધારાસભ્ય અને શિક્ષણ રાજય મંત્રી પ્રફુલ પાનશેરીયાને જાણ થતાં તેઓ ગત રોજ કામરેજના સમસ્યા ગ્રસ્ત વિસ્તારની રૂબરૂ મુલાકાત લઈ પરિસ્થતિનો તાગ મેળવ્યો હતો.

કામરેજ પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી વસંત પીપલીયા સહિત પંચાયત હોદ્દેદારો તેમજ અધિકારીઓ હાજરીમાં બેઠક કરી હતી. લોકોની પ્રાથમિક સમસ્યાઓ તાત્કાલિક ઉકેલવા અધિકારીઓને તાકીદ સહિત વરસાદથી કારણે રોડ પર પડેલા ખાડાને યુદ્ધના ધોરણે પૂરવા, રસ્તા રિપેરિંગ કરી મુશ્કેલીઓને દૂર કરવા કડક સૂચના આપી હતી. લોકોના પ્રશ્નો, સમસ્યાઓને વાચા આપવી એ ફરજ છે. શેરડી પકવતા ખેડૂતોની સિંચાઈની મુશ્કેલી નિવારવા ડીજીવીસીએલ કંપનીના અધિકારીઓને આગામી ચોવીસ કલાકમાં સેવણી ડિવીઝનમાં વીજ પૂરવઠો પૂર્વવત કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી.

લાગતા વળગતા ખાતાના હાજર અધિકારીઓ દ્વારા એક સપ્તાહની અંદર પોતાનો વિસ્તાર ખાડા રહિત અને સમસ્યાનું નિરાકરણ નહી આવે તો પરિણામ ભોગવવા તૈયાર રહેવા જણાવ્યું હતું. અધિકારીઓને નહેર રોડ વાળા દબાણ દૂર કરવા સહયોગ આપવા તેમજ માપણી સીટ પ્રમાણે ડીમોલીશન થશે જ સ્થળ નિરીક્ષણ દરમ્યાન શાકભાજી માર્કેટ રોડ પરના નવાગામ ગ્રામ પંચાયત વિસ્તાર હદના દબાણને લઈ પંચાયતના ઉપસ્થિત અધિકારીનો ઉધડો લઇ તાત્કાલિક દબાણ દૂર કરવા સ્થળ પર જ સૂચના આપી હતી.

## રાજપૂત અવસાન



**સ્વ. રણજીતસિંહ દાનસિંહ પરમાર**
**સ્વ. તા. ૩૧-૦૮-૨૦૨૪**

દિલગીરી સહ જણાવવાનું કે અમારા ભાઈ /પિતાશ્રી **રણજીતસિંહ દાનસિંહ પરમાર**નું **તા.૩૧-૦૮-૨૦૨૪**ને **શનિવાર** નાં રોજ **દુઃખદ અવસાન** થયેલ છે. પ્રભુ સદ્ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**સદગતનું સંયુક્ત બેસણું બુધવાર તા. ૦૪-૦૯-૨૪ના બપોરે ૩ થી ૪ કલાકે અમારા નિવાસસ્થાને રાખવામાં આવ્યું છે. (લૌકિક રિવાજ પોત-પડીકા બંધ છે.)**

**શ્વસુર પક્ષ**
અરવિંદસિંહ હમીરસિંહ ગોડાદરિયા
હિતેન્દ્રસિંહ ઈશ્વરસિંહ ઠાકોર
દિલીપસિંહ ઈશ્વરસિંહ ઠાકોર
સંદિપસિંહ ભરતસિંહ ગોડાદરીયા
મુ.માણેકપોર, તા.બારડોલી, જી.સુરત.

**લિ.**
રાજેન્દ્રસિંહ દાનસિંહ પરમાર (ભાઈ)
જીતેન્દ્રસિંહ રણજીતસિંહ પરમાર(પુત્ર)
સતીશકુમાર ભરતસિંહ પરમાર (ભત્રીજા)
હિતેશકુમાર ભરતસિંહ પરમાર (ભત્રીજા)
રવિરાજ જીતેન્દ્રસિંહ પરમાર (પૌત્ર)
સમસ્ત પરમાર પરિવાર

નિવાસ્થાન. ઘર નં. C2, વિઠ્ઠલ બંગલો , અસ્તાન રોડ, બારડોલી, જી.સુરત. મો.૯૪૨૬૮૧૦૨૯૨

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).